## સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના લેબ રિપોર્ટ ગુમ થતા દર્દીઓને હાલાકી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા માટે રોજના હજ્જારો દર્દીઓ આવે છે. વિવિધ રોગથી કણસી રહેલા દર્દીઓને લેબ રિપોર્ટ કરાવાય છે. પરંતુ માઈક્રોબાયોલોજી વિભાગ રિપોર્ટ સાચવી રાખવામાં ઉણુ ઉતર્યું છે. રિપોર્ટ માટે દર્દીઓ અને સ્નેહીજનોને ૪૪ નંબર થી ૪૮ નંબરની રુમમાં આમથી તેમ મોકલવામાં આવે છે. તેમ છતા રિપોર્ટ ના મળતા દર્દીઓને ફરીથી રિપોર્ટ કરાવવા પડે તેવી સ્થિતિ ઉદ્ભવી છે. બ્લડ તેમજ યુરીન ટેસ્ટ ફરીથી આપવા માટે દર્દીઓને લાંબી લાઈનમાં ઉભુ રહેવું પડે છે જેને લઈ દર્દીઓમાં ભારે રોષ ફેલાયો છે. ત્યારે કર્મચારીઓની બેદરકારીને કારણે દર્દીઓને પરેશાની વેઠવાનો વારો આવ્યો છે.

જીએમઈઆસએસ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં દર્દીઓને અચ્છે દિન કબ આયેગે તેની ચર્ચા ચાલી રહી છે. એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સિવિલમાં નિર્માણ પામે છે. દર્દીઓની હાલત રોજબરોજ કફોળી બની જવા પામે છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. દર્દીઓને જરુરી તેવા મેડીકલ રિપોર્ટ કરાવાય છે. સિવિલની લેબમાં ભારે ભીડ હોવાથી દર્દી કલાક ઉભા રહીને રિપોર્ટ કરાવે છે પરંતુ લેબના કર્મચારીઓને જાણે ગરીબ દર્દીઓની ચિંતા ના હોય તેમ રિપોર્ટ મળતા નથી. દર્દી તેમજ સગાઓને રૂમ નં- ૪૪ થી ૪૮ માં જાવ તેમ કહીને ધરમધકકા ખવડાવામાં આવે છે. લેબના કર્મચારીઓની બેદરકારીને કારણે દર્દીઓને લાઈનમાં ઉભા રહીને ફરીવાર બ્લડ રિપોર્ટ કઢાવો પડે છે. લાંબી લાઈનોને કારણે દદીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. સિવિલ તંત્ર દ્વારા યોગ્ય સમયે દર્દીઓને રિપોર્ટ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવાય તેવી માંગ દર્દીઓ તેમજ સગાઓ કરી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



જો... હસતું મોં રાખીને કેરી કાપ... મારી વાઈફને વોટ્સ એપમાં ફોટો મોકલવો છે... કે હું ધરાઈને ખાઉ છું... નહી તો વેકેશન ટૂંકાવીને પાછી આવી જશે...!!

# ગાંધીનગર સિવિલમાં સારવાર અર્થે આવેલી યુવતિ અચાનક ગુમ..!

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દહેગામ તાલુકામાંથી પોતાની માસી સાથે સારવાર માટે આવેલ યુવતિ ગુમ થઈ ગઈ છે. આ યુવતિ માનસીક રીતે મગજની તકલીફ ધરાવે છે. સિવિલમાંથી યુવતિ ગુમ થતા હોહા મચી જવા પામી હતી. યુવતિના પરિવારજનોએ સેકટર - ૭ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના એક ગામમાંથી યુવતિ પોતાના માસી સાથે આજે સિવિલ હોસ્પિટલ સારવાર માટે આવી હતી. આ યુવતિને થોડા દિવસ અગાઉ દાખલ કરવામાં આવી હતી અને સારવાર કરીને રજા આપવામાં આવી હતી. યુવતિ આજે ફરીવાર પોતાના માસી સાથે સારવાર અર્થે આવી હતી ત્યારે એસ.ટી ડેપોથી કોઈ શખ્સ તેમનો પીછો કરીને સિવિલમાં આવ્યો હતો. અને આઠમાં માળે થી અજાણ્યો શખ્સ યુવતિને લઈ ગયો હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે. સિવિલ હોસ્પિટલમાંથી યુવતિ ગુમ થયાની જાણ થતાં તંત્રમાં હડકંપ મચી જવા પામી હતી. યુવતિના માસીએ બનાવની જાણ કરતા દહેગામથી પરિવારજનો સહિત રાજકીય આગેવાનો પણ ગાંધીનગર દોડી આવ્યા હતા. અને બનાવ અંગે પોલીસ અને સિવિલ તંત્ર ને જાણ કરી હતી. પોલીસે ગુમ થયાની ફરિયાદ લઈને તપાસ શરુ કરી છે.

## ગરમીમાં સહેજ વધારો

ગાંધીનગર, તા. ૩૦

છેલ્લા ત્રણ-ચાર દિવસથી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચ્યા બાદ આજે દોઢ ડિગ્રી જેટલુ તાપમાન વધતા વસાહતીઓએ આકરો તાપ અને બફારો અનુભવ્યો હતો. જૂન મહિનો નજીક આવતા ધીમે ધીમે ગરમી ઘટતી જાય છે. બે-ત્રણ દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી રહ્યા બાદ આજે મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રી જેટલો વધારો થતાં સહેજ ગરમી વધી હતી. નગરજનોએ આકરી ગરમી અનુભવી હતી. બે દિવસથી વાદળછાયા વાતાવરણને કારણે ગરમીથી જે રાહત મળી હતી તે આજે પુનઃ છીનવાઈ ગઈ હતી. મહત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીના વધારા સાથે તાપમાન ૪૧.૬ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. રહ્યુ હતુ. ભેજ સવારે ૬૬ ટકા નોંધાતા બફારો ખુબ થતો હતો. વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. જેટલું રહ્યું હતું.



### શહેરના ઘ-૪ પાસે રીક્ષા પલટી

શહેરના ઘ-૪ સર્કલ પાસે ગઈકાલે મોડીરાત્રે પસાર થઈ રહી હતી. ત્યારે અચાનક રીક્ષા નં જીજે૧ ૮વાય - ૭૬ ઉના ચાલકે રીક્ષા પરનો કાબુ ગુમાવતા રીક્ષા પલટી મારી ગઈ હતી. આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી નથી પરંતુ રીક્ષાનો ખુડદો બોલી ગયો હતો.રીક્ષામાં સવાર મુસાફરોને નાનીમોટી ઈજાઓ થવા પામી હતી.

# રાંધેજા ચોકડી પાસે મેઈન જંકશનની પાણી લાઈનમાં લીકેજ થતા જળબંબાકાર

### પાણી પુરવઠા તંત્રની ટીમ કામે લાગી તાપમાનમાં થતા ફેરફારના લીધે પ્રેશર વધવાથી લીકેજ સર્જાયુ : પેથાપુર હેડ વર્કસથી લાઈન બંધ કરાઈ

ગાંધીનગર તા ૩૦

રાંધેજા ચોકડી પાસે આજે નર્મદાની પાણીની લાઈનમાં લીકેજ થતા ચોમેર જળબંબાકાર થઈ ગયુ હતુ. તાપમાનમાં થતા ફેરફારના કારણે મેઈન જંકશનની લાઈનમાં મોટુ લીકેજ થતા આ ઠેકાણે સર્વત્ર પાણી પાણી થઈ ગયુ હતુ. પાણી પુરવઠા દ્વારા પેથાપુર હેડ વર્કસથી લાઈન બંધ કરી લીકેજ નિવારવા ટીમ કામે લગાડવામાં આવી હતી. માર્ગ પર ચારેકોર પાણી ફરી વળતા રાહદારીઓ પણ અચરજમાં મુકાઈ ગયા હતા. ગત શિયાળા દરમિયાન પણ પાણીની લાઈનમાં લીકેજ થયુ હતુ.

ઉનાળાની આકરી ગરમીમાં તાપમાનમાં થતી વધઘટના લીધે પાણીની લાઈનમાં પણ ટેકનિકલ ખામી સર્જાતી હોવાથી લીકેજીસની સમસ્યા ઉઠવા પામે છે. પાણીની લાઈનમાં પ્રેશર વધવાથી પણ લીકેજીસનો પ્રશ્ન ઉદભવે છે. રાંધેજા ચોકડી પાસે આજે પાણીની મુખ્ય લાઈનમાં મોટુ લીકેજ સર્જાયુ હતુ. પેથાપુર હેડવર્કસને અનુલક્ષી આ વિસ્તારમાંથી પસાર થતી નર્મદાની મુખ્ય પાણીની લાઈનના આધારે ઉનાવા ,બાસણ,સરઢવ સહીતના વિસ્તારોમાં પાણી સપ્લાય કરવામાં આવે છે.આજે સવારે રાંધેજા ચોકડી પાસે સ્થિત મેઈન જંકશનની આ લાઈનમાં લીકેજ થતા થોડી જ વારમાં સર્વત્ર પાણી પાણી થઈ ગયુ હતુ. ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાતા આ વિસ્તારમાંથી પસાર થતા રાહદારીઓ પણ અચરજમાં મુકાઈ ગયા હતા. મેઈન જંકશનની નોન મેટલ લાઈનમાં લીકેજ થતા માર્ગ પર પાણી ફરી વળ્યુ હતુ. મેઈન જંકશનની આ લાઈનનુ કામ ૯ વર્ષ અગાઉ હાથ ધરવામાં આવ્યુ હતુ.

ગત વર્ષે શિયાળામાં પણ પાણીની લાઈનમાં લીકેજ થયુ હતુ. આજે સવારથી જ મેજર લીકેજના લીધે આ વિસ્તારમાં પાણી પાણી થઈ ગયુ હતુ. પાણી પુરવઠા તંત્રને લીકેજ અંગેની જાણ થતા તાત્કાલિક લીકેજ નિવારવા માટે ટીમ કામે લગાડવામાં આવી હતી. સુત્રોના જણાંવ્યા મુજબ આ મેઈન જંકશનમાંથી દરેક સાઈટ અલગ લાઈન જાય છે.હેવી ડ્યુટી લાઈનમાં લીકેજ થતા પાણી વધારે વહેતુ થયુ હતુ. જેના લીધે પેથાપુર હેડ વર્કસથી લાઈન બંધ કરી જેસીબી મશીનની મદદથી લીકેજ નિવારવા માટે કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. સવારથી સર્જાયેલા લીકેજની સમસ્યાને ડામવા માટે મોડી સાંજ સુધી કામ ચાલ્યુ હતુ. રાત સુધીમાં લીકેજ નિવારવાનુ કામ પુર્ણ થઈ જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ હતુ. લીકેજના લીધે પાણીનો વિશેષ વ્યય થયો હતો.

## ખૂણે ખાંચરેથી...

- આજે રાજયસભાના ઉમેદવાર શ્રી પુરુષોત્તમભાઈ રુપાલાએ ઉમેદવારી નોંધાવી ત્યારે શહેર જિલ્લા ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા.
- રાજયસભાના ઉમેદવાર તરીકે શ્રી રુપાલાએ ઉમેદવારી નોંધાવતાં જિલ્લા બહારના આવેલા કાર્યકર્તાઓના ભોજનની વ્યવસ્થા તાલુકા ભાજપે કરી હતી.
- સચિવાલયનું ન્યુ ક્રેડીટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેકટર્સની પાંચ બેઠકોની ચૂંટણી ૨૩/૬/૧૬ના રોજ યોજાશે.
- ગાંધીનગરના મેયરપદે વરાયા બાદ આજે મેયર શ્રી પ્રવિણ પટેલ અને ડે. મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા વિધાનસભા સંકુલ ખાતે આવ્યા હતા.
- રાજય સરકાર દ્વારા વાઈબ્રન્ટ-૨૦૧૭ની તૈયારીઓ આરંભાઈ ચુકી છે.
- ભાજપના ઉમેદવાર તરીકે જાહેર થયેલા શ્રી રુપાલા બીજીવાર રાજયસભા માટે પસંદગી પામ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં પ્રિ. મોન્સૂન રોગચાળા નિયંત્રણ માટેનો અલાયદો એકશન પ્લાન બનાવાશે.
- રાજયના ૧૬ જેટલા ડી.વાય.એસ.પી. સંવર્ગના પોલીસ અધિકારીઓની બદલીના હુકમો રાજયના ગૃહવિભાગે જારી કર્યા છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા પામી છે. ખાસ કરીને નવા સેકટરોમાં આ ફરિયાદો વધી છે.
- ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓ હવે ઘ-રોડ અને ચ-રોડ પર વધુ જોવા મળી રહ્યાં છે.

